**નવી સેવા**
**આયોજન**
**વર્ષ-૨૦૧૧-૧૨**

કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ, ફેઝ-II

મરીન પોલીસ સ્ટેશનો માટે નવી જગ્યાઓ ઉભી કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત...

**ગુજરાત સરકાર**
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: વિ.૫ / CSS /૧૦૨૦૦૯ /૫૮૭(ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮ / ૬ /૨૦૧૧

**વંચાણમાં લીધા:-**

1. ગૃહ મંત્રાલય ભારત સરકારનો પત્ર ક્ર:૫/૧૦/૨૦૦૯/કોસ્ટલ સિક્યુરિટી, તા.૧/૧૧/૨૦૧૦
2. પોલીસ મહાનિદેશકની કચેરીનો પત્ર ક્ર:૧૫૩૬/કોસ્ટલ પો.સ્ટે./૩૫/૨૦૧૧ તા.૧૧/૧/૨૦૧૧
3. વર્ષ ૨૦૧૧-૧૨ નું અંદાજપત્ર પ્રકાશન નં ૧૨, પાના નં.૧૬૯.

**આમુખ:-**

૨/-. ઉપર વંચાણે લેવામાં આવેલ ક્રમાંક:(૧) થી ગુજરાત રાજ્યમાં કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ, ફેઝ-II ના અમલીકરણની મંજૂરી મળેલ છે. આ અંતર્ગત દરિયાઈ સરહદ ઉપરની સુરક્ષાની કામગીરી માટે રાજ્યના તટવર્તી જિલ્લાઓમાં ૧૨(બાર) નવા મરીન પોલીસ સ્ટેશન માટે જુદા જુદા સંવર્ગની કૂલ-૬૬૦ નવી જગ્યાઓ ઉભી કરી તે ભરવા માટેની મંજૂરી આપવાની બાબતને વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે સમાવેશ કરવા પોલીસ મહાનિદેશકની કચેરી તરફથી સંદર્ભ-(૨)આગળના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ. જેને રાજ્ય સરકારની વિચારણામાં લેવામાં આવેલ હતી.

**ઠરાવ:-**

૩/-. વંચાણે લેવામાં આવેલ ક્રમાંક:(૨) આગળની દરખાસ્ત પરત્વે કાળજી પૂર્વકની વિચારણાના અંતે આ બાબતનો વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં પ્લાન હેઠળ "નવી સેવા" તરીકે સમાવેશ કરી રૂ.૨,૦૮,૯૦,૦૦૦/-(અંકે રૂપિયા બે કરોડ આઠ લાખ નેવું હજાર પુરા)ની અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવેલ છે.

૪/-. પ્રસ્તુત જોગવાઈ અન્વયે કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ, ફેઝ-II હેઠળ રાજ્યના તટવર્તી જિલ્લાઓમાં -૧૨(બાર) મરીન પોલીસ સ્ટેશનો માટે નીચે જણાવેલ જુદા જુદા સંવર્ગની કૂલ ૬૬૦ નવી જગ્યાઓ તા.૨૮/૨/૨૦૧૨ સુધી ઉભી કરવા અને તે ભરવા માટે આથી મંજૂરી આપવામાં આવે છે:-

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ રૂ. | જગ્યા ભરવાની વિગત |
|---|---|---|---|---|
| ૧. | પોલીસ ઈન્સપેક્ટર (બિન હથિયારી) | ૧૨ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે.૪૬૦૦ | બઢતીથી ભરવાની રહેશે. |

..૨

| | | | | |
|---|---|---|---|---|
| ૨. | પોલીસ સબ ઈન્સપેક્ટર (બિન હથિયારી) | ૨૪ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે.૪૪૦૦ | ભરતી નિયમો ધ્યાને લઈ રેશિયો અનુસાર/સીધી ભરતી ફિક્સ પગારથી. |
| ૩. | હેડ કોન્સ્ટેબલ (બિન હથિયારી) | ૯૬ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે.૨૦૦૦ | બઢતીથી ભરવાની રહેશે. |
| ૪. | હેડ કોન્સ્ટેબલ (હથિયારી) | ૨૪ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે.૨૦૦૦ | |
| ૫. | પોલીસ કોન્સ્ટેબલ (બિન હથિયારી) | ૨૪૦ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે.૧૮૦૦ (ફિક્સ-૪૫૦૦) | સીધી ભરતીથી ફિક્સ પગારે |
| ૬. | પોલીસ કોન્સ્ટેબલ (હથિયારી) | ૧૮૦ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે.૨૦૦૦ (ફિક્સ-૪૫૦૦) | |
| ૭. | પોલીસ કોન્સ્ટેબલ (ડ્રાયવર) | ૨૪ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે.૨૦૦૦ (ફિક્સ-૪૫૦૦) | |
| ૮. | માસ્ટર | ૧૫ | ફિક્સ-૨૫,૦૦૦/- | આ સાથે સામેલ કરાર અને બોલીઓ/શરતો અનુસાર સુચવેલ માનદ વેતનથી. |
| ૯. | સેરાંગ | ૧૫ | ફિક્સ-૧૮,૦૦૦/- | |
| ૧૦. | એન્જીન ડ્રાઈવર | ૧૫ | ફિક્સ-૧૫,૦૦૦/- | |
| ૧૧. | ઓઈલમેન કમ કલીનર | ૧૫ | ફિક્સ-૧૦,૦૦૦/- | |
| | **કૂલ જગ્યાઓ:-** | **૬૬૦** | | |

૫/-. વર્ગ-૨ ની જગ્યાઓ નિયત ભરતી નિયમોમાં ઠરાવેલ રેશિયોની જોગાવાઈ અનુસાર ભરવાની રહેશે.

૬/-. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગાવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬.૨.૨૦૦૬, તા.૧.૮.૨૦૦૬ તથા તા.૨૯.૪.૨૦૧૦ તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૪.૬.૨૦૦૯ અને તા.૧૦.૫.૨૦૧૦ ના ઠરાવની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૭/-. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારોને નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮.૩.૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક.એનપીએન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી તથા તા.૨૭.૯.૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંક :નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-(પા.ફા.)પી ની જોગવાઈ અનુસાર તા.૧/૪/૦૫ થી અમલી બનેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૮/-. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રિમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમોનુસાર જાળવવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

૯/-. રાજ્યની પ્રવર્તમાન કોમ્પ્યુટર નીતિ અનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ હોવા જોઈશે.

૧૦/-. વખતો-વખત નિયત કરવામાં આવતા કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૧/-. આ અંગેનો ખર્ચ વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં તા.૧.૪.૨૦૧૧ પછી જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

૧૨/-. આ અંગેનો ખર્ચ પ્લાન બજેટ સદર ૨૦૫૫-પોલીસ ગૌણ સદર-૧૦૯- જીલ્લા પોલીસ, પેટા સદર-(૧૨)-MEP-૪ દરિયાઈ સુરક્ષા માટે મહેકમ (પ્લાન કોડ નં ૧૧૪૫૦૩),આયોજન હેઠળ ચાલુ વર્ષની મંજૂર રહેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

૧૩/-. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગની તા.૪/૫/૨૦૧૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ હુકમો રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ. ડી. નિસરતા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- માન. મુખ્યમંત્રી શ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રી શ્રી(નાંણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષા ના મંત્રી શ્રી(ગૃહ)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહા નિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહા નિર્દેશક શ્રી(ઈન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાણા સલાહકાર શ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવ શ્રી(ગૃહ) ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- નાણા વિભાગ/ઝ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારી શ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ , સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ / નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ
- સેકશન અધિકારી શ્રી, આઈ-ટી સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  ... વેબસાઈટ પર મૂકવાની વિનંતી સાથે.